
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




આટલા બધા ડીસ્ટર્બન્સ તો દેશમાં જ છે ને વધુમાં હવે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર....!!

# અલ્પેશ ઠાકોરની એકતા યાત્રામાં ૨૦થી વધુ કાર્યકર્તાઓના પાકીટ ચોરાયા

### યાત્રામાં ઘૂસી ગયેલા પાકીટ ચોરે ભીડનો લાભ લઇને કાર્યકર્તાઓના ખિસ્સામાંથી પાકીટ સેરવી લીધા : ચોરેલા પાકીટમાંથી પૈસા કાઢીને ચોરે પાકીટ રસ્તા પર ફેંકી દીધા

ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા ગઈ કાલે ગાંધીનગર જિલ્લામાં એકતા યાત્રા યોજી હતી જેમાં અલ્પેશ ઠાકોરનું ઠેરઠેર સ્વાગત કરવામાં આવ્યું હતું. આ એકતા યાત્રામાં કેટલાક પાકીટ ચોરો પણ ઘૂસી ગયા હતા. એકતા યાત્રાના રૂટ પર જ્યાં જ્યાં તક મળે ત્યાં ભીડનો લાભ લઈને આ પાકીટ ચોરોએ કાર્યકર્તાઓના પાકીટ સેરવી લીધા હતા. એકતા યાત્રામાં ૨૦થી વધુ કાર્યકર્તાઓ ના પાકીટ ચોરાઈ હોવાની બૂમ ઉઠી હતી. નોંધનીય બાબત એ છે કે પાકીટ ચોરી લીધા બાદ ચોરોએ અંદરથી રૂપિયા નીકાળીને આ રૂટ ઉપર જ પાકીટ ફેંકી દીધા હતા. આવા ફેંકી દેવાયેલા બે પાકીટ પણ મળી આવ્યા છે. જોકે આ મામલે પોલીસ ફરિયાદ નોંધાઇ નથી.

ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના આયોજિત એકતા યાત્રામાં કલોલથી ડભોડા સુધી સંખ્યાબંધ કાર્યકર્તાઓના પાકીટ ચોરાયા હતા. રાંધેજા ગામનાં ૫ કાર્યકર્તાઓના પાકીટ ચોરાયા હતા. તે ઉપરાંત અલમપુર ગામ ના ક્ષત્રિય ઠાકોર સેના પ્રમુખ સોલંકી ચીનુજી રમણજીનું પણ આ ભીડભાડમાં પાકીટ ચોરાઈ જવા પામ્યું હતું. આલમપુર ગામમાંથી આવેલા કાર્યકરો પૈકી ચાર કાર્યકરોના પાકીટ ચોરાયા હતા. જેમાં ચીનુજી ઉપરાંત મન્સુરી રહીમભાઈનું પણ પાકીટ ચોરાઈ હતું. તે ઉપરાંત ડભોડાના એક કાર્યકર્તાનું પાકીટ ચોરાયુ હતું. જયંતીભાઈ ખોડાભાઈ સોલંકી, મહેન્દ્રભાઈ મગનભાઈ સોલંકી અને ચિન્ટુભાઈ વિષ્ણુજી ઠાકોર મળીને ચિલોડા ગામ ના પણ ૩ કાર્યકર્તાઓના પાકીટ ચોરાયા હતા. એકતા એકતા યાત્રામાં ઘૂસી ગયેલા ચોરોએ ૨૦થી વધુ કાર્યકર્તાઓના પાકીટ ચોર્યા હતા. આ પાકીટ ની ચોરી કરીને અંદરથી કેસ રૂપિયા કાઢી લઈને પાકીટ રસ્તામાં જ ફેંકી દીધા હતા. સોલંકી ચીનુજી સહિત બે કાર્યકર્તાઓના ખાલી પાકીટ આ રૂટ પરથી મળી આવ્યા છે. જોકે આ મામલે કોઈ પોલીસ ફરિયાદ નોંધાવા પામી નથી.





**આ છે આપણું 'સ્માર્ટ સીટી'...!!**

એક તરફ રાજયના પાટનગરનો સ્માર્ટ સીટીમાં સમાવેશ કરાયો છે અને શહેરમાં સ્વચ્છતાની જાળવણી માટે લખલૂટ ખર્ચ પણ કરવામાં આવી રહ્યો છે ત્યારે બીજી તરફ ન્યુ ગાંધીનગરના રાયસણ વિસ્તારમાં એલીગન્સ ફલેટ પાસે નરી ગંદકીથી ખદબદતું ગંદા પાણીનું તળાવ ભરાયું છે. જેમાં લીલ-શેવાળ બાઝવા ઉપરાંત રોગજન્ય જીવાણુઓનો ઉપદ્રવ પણ થઈ રહ્યો છે. હાલ શહેરમાં સ્વાઈન ફલુ જેવી ભયાનક બિમારી ઉપરાંત સિઝનલ બિમારીઓની સમસ્યા પણ વકરી રહી છે ત્યારે આ ગંદા ખાબોચિયાના કારણે આ વિસ્તારના રહીશોના આરોગ્ય પર ખતરો પેદા થવા પામ્યો છે તેથી સત્વરે આ ગંદકીનો નિકાલ કરાય તેવી રહીશોમાં માંગ ઉઠવા પામી છે.

# સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાતના સમયમાં બે કલાકનો કરાયેલો વધારો

ગાંધીનગર, તા. ૫

નર્મદા જિલ્લામાં ગરૂડેશ્વર તાલુકાના કેવડીયા કોલોની ખાતે સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાત માટેના સમયમાં આજે તા. ૫મી ફેબ્રુઆરી,૨૦૧૯ના રોજથી બે કલાકનો વધારો કરાયો છે. સમયમાં કરાયેલા ફેરફાર મુજબ સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાત માટેનો સમય હવે સવારના ૮-૦૦ થી સાંજના ૬-૦૦વાગ્યા સુધી રાખવાનો ચીફ એડમિનીસ્ટ્રેટરશ્રી, સ્ટેચ્યૂ ઓફ યુનિટી, કેવડીયા કોલોની તરફથી નિર્ણય લેવાયો હોવાનું એક અખબારી યાદીમાં જણાવાયું છે.

સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાતના સમયમાં આ ફેરફાર થવાથી પ્રવાસીઓ હવે સવારના ૮-૦૦ વાગ્યાથી મુલાકાત લઇ શકશે અને આગામી ઉનાળાની ઋતુમાં સમયના ફેરફારને લીધે પ્રવાસીઓની અનુકુળતા પણ વધશે. શનિવાર-રવિવાર તથા જાહેર રજાના દિવસોએ ૬૦૦૦ પ્રવાસીઓ વ્યુઇંગ ગેલેરીનો લાભ લઇ શકતા હતા. હવેથી સમયમાં બે કલાકનો વધારો થવાથી દરરોજ ૭૦૦૦ સુધીની સંખ્યામાં પ્રવાસીઓ વ્યુઇંગ ગેલેરીની મુલાકાતનો લાભ લઇ શકશે, તેમ પણ આ યાદીમાં વધુમાં જણાવાયું છે.

# નદીમાં ડૂબી ગયેલા કોબાના કિશોરનો તરતો મૃતદેહ મળ્યો

### ત્રણ દિવસ સુધીની શોધખોળને અંતે ચોથા દિવસે કિશોરનો મૃતદેહ પાણીની સપાટી પર આવી ગયો : હાથ પગ ધોવા જતા કિશોર નદીમાં ગરકાવ થઈ ગયો હતો

ગાંધીનગર નજીક કોબા ગામમાં રહેતો ૧૬ વર્ષીય કિશોર ચાર દિવસ પહેલા શનિવારે નદીના પાણીમાં હાથ પગ ધોવા માટે ગયો હતો અને તેનો પગ લપસી જતાં નદીના પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. ત્રણ દિવસથી ફાયર બ્રિગેડ અને બહીયલના તરવૈયાઓની ટીમો દ્વારા નદીમાં કિશોરની શોધખોળ ચાલી રહી હતી પરંતુ તેના સગડ મળતા ન હતા. આજે ચોથા દિવસે સવારે નદીના પાણીની સપાટી પર કિશોરનો મૃતદેહ તરતો બહાર આવી ગયો હતો. આ ઘટના અંગે ઈન્ફોસિટી પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી ઘટનાની વધુ તપાસ શરૂ કરી છે અને મૃતદેહ પરિવારજનોને સોંપ્યો છે.

મળતી માહિતી મુજબ નવા કોબા ગામમાં વણકરવાસમાં રહેતા દિનેશભાઈ મૂળજીભાઈ મકવાણાનો ૧૬ વર્ષીય પુત્ર વિરાજ શનિવારે ગામ પાસેથી પસાર થતી સાબરમતી નદીમાં હાથ પગ ધોવા માટે ગયો હતો. વિરાજના પગ અચાનક લપસી જતાં નદીનાં પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. પરિવારજનોને ઘટનાની જાણ થતાં સ્થળ પર દોડી આવ્યા હતા. પરિવારજનો ઉપરાંત આસપાસમાં રહેતા પડોશીઓ અને ગ્રામજનો પણ ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા. આ ઘટના અંગે તાત્કાલિક ગાંધીનગર ફાયર બ્રિગેડને જાણ કરીને બોલાવી લેવામાં આવી હતી. શનિવારે ફાયર બ્રિગેડની ટીમ દ્વારા નદીના પાણીમાં શોધખોળ કરી પરંતુ વિરાજ નો કોઈ પત્તો લાગ્યો ન હતો. બીજે દિવસે ચિંતાતુર પરિવારજનોએ બહીયલ ના તરવૈયાઓની ટીમ પણ નદીમાં શોધખોળ માટે બોલાવી હતી. બીજા બે દિવસ આ બંને ટીમો દ્વારા શોધખોળ કરવામાં આવી પરંતુ વિરાજનો પતો લાગતો ન હતો. ત્રણ ત્રણ દિવસની શોધખોળને અંતે આજે ચોથા દિવસે સવારે નદીના પાણીની સપાટી ઉપર વિરાજનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહ નદીમાંથી બહાર કઢાવી પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ઘટનાની તપાસ શરૂ કરી છે અને કિશોરનો મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી પરિવારજનોને સોંપી દીધો છે. આ ઘટનાને પગલે પરિવારજનો તથા ગ્રામજનોમાં શોકની કાલિમા છવાઈ ગઈ છે.



# રાજપૂત યુવાનો પરના કેસ પાછા ખેંચવા કરણી સેનાની માંગ

ગાંધીનગર, તા.૫

બોલીવુડની ફિલ્મ પદ્માવતી સામે કરણી સેના ધ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો.ત્યારબાદ ફિલ્મનું નામ પદ્માવત કરી દેવામાં આવ્યું હતું. પરંતુ તે પહેલા સમગ્ર રાજયમાં રાજપૂત સમાજ અને કરણી સેનામાં આ ફિલ્મને લઈને રોષ જોવા મળ્યો હતો તેમજ ફિલ્મ રીલીઝ નહીં કરવા માટે આંદોલન કરાયું હતું. આ આંદોલન સમયે આગચંપી અને વાહન તોડફોડના બનાવો બન્યા હતા. જેથી તે સમયે રાજપૂત સમાજના યુવાનો કેસ કરવામાં આવ્યા હતા. ત્યારે હવે કરણી સેના દ્વારા રાજપૂત સમાજના યુવાનો ઉપર કરવામાં આવેલા કેસ પરત ખેંચવા માટેની માંગ કરી છે. જો સરકાર દ્વારા કેસ પરત નહીં ખેંચવામાં આવે તો લોકસભાની ચુંટણીમાં ભારે નુકશાની વેઠવાનો વારો આવશે.



આ પ્રસંગે રાષ્ટ્રીય રાજપૂત કરણી સેનાના પ્રમુખ સુખદેવસિંહ ગોગામેડીએ જણાવ્યું હતું કે કેન્દ્રની નરેન્દ્ર મોદીની સરકાર દ્વારા સવર્ણને ૧૦ ટકા અનામત આપવામાં આવી છે,તેના સ્વીકાર કરીએ છીએ. કરણી સેના દ્વારા કુંવરજી બાવળીયાને પેટા ચુંટણીમાં વિજય બનાવવા પણ કામગીરી કરવામાં આવી હતી. ચુંટણી બાદ પદ્માવત ફિલ્મ સમયે રાજપૂત સમાજના યુવાનો ઉપર કેસ કરવામાં આવ્યા છે. તેને પરત ખેંચવામાં આવેશે તેમ જણાવ્યું હતું. પરંતુ હજુ સુધી રાજપૂત સમાજના યુવાનો ઉપર થયેલા કેસને પરત ખેંચવામાં આવ્યા નથી. ત્યારે અમારી માંગ છે કે અમારા સમાજના યુવકો પર થયેલા કેસ તાત્કાલીક પરત ખેંચવામાં આવે. રાજયમાં દલિત સમાજ, પાટીદાર સમાજના આંદોલન સમયે તેમના યુવાનો પર થયેલા કેસ સરકાર પરત ખેંચી શકતી હોય તો રાજપૂત સમાજના યુવકો પર થયેલા કેસ કેમ પરત ખેંચી ન શકે. દેશમાં રાજપૂત સમાજની મોટી વોટબેંક છે.જયારે આગામી સમયમાં લોકસભાની ચુંટણી આવી રહી છે. ત્યારે સરકાર રાજપૂત સમાજના યુવાનો પર થયેલા કેસ પરત નહી ખેંચે તો ભાજપ સરકારની વોટબેંક પર પુરેપુરી અસર થશે. રાજયમાં ૧૦ લાખથી વધુ કરણી સેનાના કાર્યકરો છે. સમાજના ભાઈ બહેનોમાં હાલ ખુબ રોષ જોવા મળી રહ્યો છે. જો સરકાર ટુંક સમયમાં નિર્ણય નહીં કરે તો ગાંધી ચિંધ્યામાર્ગે આંદોલન કરવામાં આવશે.

## સરઢવના સરપંચને પંચાયત અધિનિયમની જોગવાઈ આધિન નોટીસ અપાઈ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર તાલુકાના સરઢવના સરપંચ શ્રીમતિ ઉષાબેન પટેલને જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૫૭(૧) મુજબ નોટીસ આપવામાં આવતાં રાજકારણ પુનઃ ગરમાયુ છે.

દબાણો દૂર નહિ કરવા માટે કારણદર્શક નોટીસ આપવામાં આવી હોવાનું પંચાયત વિભાગના સૂત્રોએ સ્વીકાર્યુ છે. ૭મીએ સવારે ૧૧ વાગે તેમને તેમના જવાબ માટે જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ હાજર થવાનુ રહેશે. સરઢવના સર્વે નં. ૮૫૩ અને ૧૬૩૭ એમ બન્ને ગોચરના સર્વે નંબરોમાં બનાવાયેલ દુકાનોના દબાણ અંગે વારંવારની નોટીસો પછી તે દૂર કરવામાં ન આવતાં ડીડીઓએ કારણદર્શક નોટીસ પાઠવી છે. ઉષાબેન પટેલ અગાઉ જિલ્લા પંચાયતની કારોબારી સમિતિના ચેરમેન પણ રહી ચુક્યા છે. હાલ તેઓ સરઢવના સરપંચ તરીકે કાર્યરત છે.

# ગુજરાત વિચરતી અને વિમુકત જાતિ વિકાસ સંઘની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર ખાતે પૂર્વ ધારાસભ્ય અને વિચરતી વિમુકત જાતિ વિકાસ નિગમના ચેરમેન લક્ષ્મણભાઈ પટ્ટણીના અધ્યક્ષ સ્થાને અગ્રણી કાર્યકરોની બેઠક યોજાઈ હતી. જેમાં લોકસભામાં વચગાળાનું બજેટ રજુ કરતા કાર્યકારી નાણામંત્રી પિયુષ ગોયલે દેશની અતિ પછાત વિમુકત-વિચરતી અને અર્ધ-વિચરતી જન જાતિઓ માટે અલગ બોર્ડની રચના કરી વિકાસના પગલા લેવાની જાહેરાત કરી છે. જેને પગલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નાણામંત્રીને દેશ તેમજ ગુજરાતની વિમુકત-વિચરતી અર્ધ વિચરતી જન જાતિઓ વતી આભાર વ્યકત કરાયો હતો. જે પગલા સત્તા દરમિયાન કોંગ્રેસ સરકાર ન લઈ શકી તે સાડાચાર વર્ષની ભાજપ સરકારમાં લેવાયો છે. લોકસભાની ચુંટણીમાં જવલંત વિજય અપાવવા અને મોદીને ફરીવાર વડાપ્રધાન બનાવવા માટે સમાજના ભાઈઓને હાકલ કરી હતી. બેઠકમાં ૧૪ જિલ્લામાંથી ૧૫ જ્ઞાતિના અગ્રણીઓ હાજર રહ્યા હતા. આ બેઠકમાં ભરત વાંસપોડા, સુરેશ રાવળ, ભરત પટણી, કિશોર કોળી, નગીન દેવીપુજક, સહિતના આગેવાન હાજર રહ્યા હતા.

# ગાંધીનગર સિવિલમાં ટીબી અંગે જાગૃતિ સેમીનાર યોજાયો

આજરોજ ગાંધીનગર જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા જીએમઈઆરએસ મેડીકલ કોલેજ સંચાલિત સિવિલ હોસ્પિટલના ઓપીડી બિલ્ડીંગના ચોથા માળે આવેલ કોન્ફરન્સ હોલ ખાતે ક્ષય અંગે જાગૃતિ સેમીનાર યોજાયો હતો. જેમાં હોસ્પિટલના ડોકટર્સ, નર્સિંગ સ્ટાફ, વહીવટી સ્ટાફ, સહિતના કર્મચારીઓને આરએનટીસીપી પ્રોગામ અંતર્ગત માહિતગાર કરાયા હતા. આ પ્રસંગે મોટીસંખ્યામાં સ્ટાફના કર્મચારીઓ-અધિકારીઓ હાજર રહ્યા હતા.

ગાંધીનગર સિવિલમાં આયોજીત ટીબી જાગૃતિ અંગેના સેમીનારનો મુખ્ય હેતું ટીબી અંગે દરેક નાગરીકમાં જાગૃતિ આવે, આગામી વર્ષ ૨૦૨૫ સુધીમાં સમગ્ર વિશ્વમાંથી ટીબી નાબુદી થાય તે માટે અભિયાન ચાલી રહ્યું છે. ટીબી અને એચઆઈવી દર્દીને ઝડપી સરળતાથી સારવાર મળે, તમામ વિભાગ દ્વારા ટીબીના રોગના દર્દીઓ શોધાય, ટીબીનું ઝડપી નિદાન અને ઝડપી સારવાર તેમજ ટીબીના આરએનટીસીપી કાર્યક્રમમાં આવેલા ફેરફારથી માહિતગાર કરવાના આ સહિતના મુખ્ય મુદ્દા સેમીનારના હતા. જયારે આ પ્રસંગે સિવિલ સુપ્રિટેન્ડન્ટ ડો. નિયતિબેન લાખાણી, મેડીકલ કોલેજના ડીન ડો.શોભના ગુપ્તા, ડો.હિરેન થાનકી, ડો.ભાવેશ મોદી, ડો.ગુજન ઉપાધ્યાય, જિલ્લા ક્ષય અધિકારી ડો.એમ.બી.ચૌહાણ, ડો.દિક્ષિત કાપડીયા, સહિત તમામ મહાનુભાવો હાજર રહયા હતા. આ પ્રસંગે હાજર તમામ મહેમાનોનું શાબ્દિક સ્વાગત જિલ્લા ક્ષય અધિકારી ડો. એમ.બી.ચૌહાણ, દ્વારા કરવામાં આવ્યું હતું.તે ઉપરાંત ડો. ચૌહાણે હાજર તમામ મહાનુભાવોને ટીબી અંગેની પ્રાથમિક માહિતી આપી હતી. તમામ વિભાગના ડોકટરને ટીબીના દર્દી ઝડપી શોધાય અને તાત્કાલીક સારવાર મળી રહે અંગેની સંપૂર્ણ માહિતી પુરી પાડી હતી.



## નાડોદા રાજપુત સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લાના નાડોદા રાજપુત સમાજ દ્વારા ૩જી ફેબ્રુઆરી રવિવારના રોજ રાંધેજા ખાતે ચતુર્થ સ્નેહમિલન યોજાયું હતું. કાર્યક્રમમાં ગાંધીનગર તથા જિલ્લામાં વસતા પરિવારનોના સ્નેહમિલન ઉપરાંત ઈનામ વિતરણ અને નવનિયુકત કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ડૉ. ભરતભાઈ વઢેર તથા વરસંગભાઈ રથવીનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં વનરાજસિંહ પઢારીયાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી સાથે ડી.ડી. બારડ અને ડૉ. રામસિંહ રાજપુત પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં સમાજના ભાઈ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# જૂનાગઢ ખાતે યોજાનાર મીનીકુંભ મેળામાં પધારવા ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીને આમંત્રણ

ગાંધીનગર, તા. ૫

ગુજરાત સરકારે પણ જ્યારે ભવનાથ ગીરનારની તળેટીમાં



જૂનાગઢ ખાતે આગામી ૨૭મી ફેબ્રુઆરીથી ૪ માર્ચ દરમિયાન મીનીકુંભ મેળાનું આયોજન કર્યુ છે ત્યારે રાજ્યના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથજીને તથા નાયબ મુખ્યમંત્રી દિનેષ શર્મા તથા કેશવ પ્રસાદ મૌર્યને ગુજરાતમાંયોજાનાર મીનીકુંભ મેળામાં પધારવા ગુજરાત સરકાર વતી આમંત્રણ આપ્યું છે. ગુજરાત સરકાર વતી પાઠવાયેલા આ આમંત્રણનો ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીએ સ્વીકાર પણ કર્યો છે.

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તથા રાજ્યના વન અને આદિજાતિ વિકાસમંત્રી ગણપતસિંહ વસાવા તથા શિક્ષણ રાજ્યમંત્રી વિભાવરીબેન દવે અને ધારાસભ્ય બાબુભાઈ જે. પટેલે પ્રયાગરાજ ખાતે ચાલી રહેલા મહાકુંભમાં ઉપસ્થિત રહીને કુંભસ્થાન કરીને ધન્યતા અનુભવી હતી. આ દરમિયાન શિક્ષણમંત્રીએ આજે મુખ્યમંત્રી આદિત્યનાથ યોગીને તથા બન્ને નાયબ મુખ્યમંત્રી દિનેષ શર્મા તથા કેશવ પ્રસાદ મૌર્યને ગઈકાલે લખનઉ ખાતે રૂબરૂ મળીને જૂનાગઢ ખાતે યોજાનાર મીનીકુંભ મેળામાં પધારવા માટે હાર્દિક આમંત્રણ પાઠવ્યું હતું.

## ચિલોડા પ્રાથમિક શાળા દ્વારા શૈક્ષણિક પ્રવાસ યોજાયો

ચિલોડા, તા. ૫

ગાંધીનગર તાલુકાની ચિલોડા પ્રાથમિક શાળામાં શૈક્ષણિક પ્રવાસ તાજેતરમાં બે દિવસ ધાર્મિક તથા ઐતિહાસિક જોવાલાયક સ્થળોનો શાળાના બાળકો માટેનો પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસમાં ગુજરાત રાજયના ખોડિયાર મંદિર કોળિયાક, બીચ, અલંગ બંદર, બગદાણા, પાલીતાણા, ગઢડા, સારંગપુર, ભીમનાથ મહાદેવ જેવા સ્થળોની મુલાકાત લીધી હતી. આ પ્રવાસમાં શાળાના ૩૮ કુમાર અને ૨૫ કન્યાઓ સહિત ૪ શિક્ષકો પ્રવાસમાં જોડાયા હતા.

સમગ્ર પ્રવાસનું આયોજન શાળાના આચાર્ય હર્ષદભાઈના માર્ગદર્શન હેઠળ સામાજિક વિજ્ઞાનના શિક્ષક મહેન્દ્રભાઈ પટેલે વિવિધ સ્થળોની મુલાકાત દ્વારા બાળકોને કોળિયાર્ક બીચની ભરતી-ઓટ અલંગ બંદરે વિશાળ જહાજ ભાગવાનો ઉદ્યોગ, પાલીતાણા પર્વતારોહક, પર્વત ચઢાણ વિશે, સર્વધર્મ સમભાવમાં હિન્દુ, જૈન, સંપ્રદાય વિષેની જાણકારી, સારંગપુર પશળુપાલન ઉદ્યોગનો ખ્યાલ આપી શૈક્ષણિક પ્રવાસનું સંપૂર્ણ જ્ઞાન આનંદ સાથે સંપન્ન કર્યો હતો.

# દહેગામની ખાનગી શાળાના આચાર્યને નોટીસ ફટકારતુ જિલ્લા શિક્ષણતંત્ર

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લા પ્રા. શિક્ષણાધિકારીની કચેરી દ્વારા દહેગામની ઉમા વિદ્યાલયના આચાર્યને નોટીસ આપી ખુલાસો પુછવામાં આવતાં શૈક્ષણિક જગતમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ૨૮મી જાન્યુઆરીએ પ્રા. શિક્ષણાધિકારીશ્રીની રૂબરૂ મુલાકાત દરમ્યાન સંસ્થામાં કેટલીક મહત્વની ક્ષતિઓ ધ્યાને આવતાં આ ખુલાસો માંગવામાં આવ્યો છે.

જે ત્રુટીઓ ધ્યાને આવી છે તેમાં શિક્ષકોને પુરો પગાર અપાતો નથી તેમજ ચેકને પદલે રોકડમાં ચુકવવામાં આવલે છે. શાળાનું બિલ્ડીંગ પુરતી હવા-ઉજાસ તથા સ્વચ્છતા ધરાવતુ નથી એટલુ જ નહિ પણ વર્ગખંડની લંબાઈ-પહોળાઈ આર.ટી.ઈ. નોમ્સ મુજબની નથી.

શિક્ષણાધિકારીએ શાળાની રૂબરૂ મુલાકાત દરમ્યાન એફ.આર.સી. દ્વારા મંજૂર કરાયેલ ફીના ડોક્યુમેન્ટ્સ રજુ કરી શક્યા ન હતા તેની પણ ગંભીર નોંધ લીધી છે.

જિલ્લામાં પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા દાખવવામાં આવી રહેલા આકરા વલણની ચર્ચા શૈક્ષણિક જગતમાં ઉભી થવા પામી છે. આ કિસ્સામાં આચાર્યને પાંચ દિવસમાં ખુલાસો કરવાની કડક તાકીદ કરવામાં આવી હોવાનું પણ જાણવા મળેલ છે.

જિલ્લાની પ્રા. શાળાના બાળકોના દફતરના વજન અંગે પણ જિલ્લા પ્રા. શિક્ષણાધિકારીએ મુલાકાત લીધી હતી અને જિલ્લામાં આ મુદ્દાની ચર્ચાઓ હજુ શમી પણ નથી ત્યાં ખાનગી શાળાના આચાર્યને નોટીસ આપતાં શૈક્ષણિક જગતમાં સન્નાટો વ્યાપી જવા પામેલ છે.

**ટચુકડી જાહેર ખબર**
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## જાહેર નિવિદા

ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગરની સેક્ટર નં. ૧૦/એ ખાતેની ''કચેરીમાં સફાઈ કામ અને સ્વચ્છતા જાળવણી માટેની કચેરી સુવિધા વ્યવસ્થાપવ સેવા'' પુરી પાડવા માટે બે વ્યક્તિને માલસામાન સાથે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી સીલબંધ કવરમાં ફક્ત રજી.પો.એ.ડી.થી બે વ્યક્તિની સફાઈની સેવાઓ ચાર કલાક માટે (દિવસમાં બે વખત) પુરી પાડવા ભાવ પત્રક અલગ કવરમાં મંગાવવામાં આવે છે. કવર ઉપર કામનું નામ લખવા વિનંતી છે.

કોઈપણ ભાવ પત્રક કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે. અને ભાવ પત્રક ભરનારને કચેરીના વખતોવખતના હુકમો બંધનકર્તા રહેશે.

ભરેલ ભાવપત્રક નીચે સહી કરનાર અધિકારીને તા. ૧૫/૨/૨૦૧૯ના રોજ ૩-૩૦ કલાક સુધીમાં રજી.રો.એ.ડી.થી મળી જાય તેમ મોકલવાના રહેશે. ભાવપત્રક ખોલવાની તા. ૨૦/૨/૨૦૧૯ના રોજ ૩-૦૦ કલાકે રાખેલ છે.

સહી/-
(આર. એન. કુચારા)
સચિવ
ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ, ગાંધીનગર

માહિતી/૨૮૩૯/૧૮-૧૯